# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 11-07-2025 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## ઋષિકેશ પટેલ : વડોદરા બ્રિજ દુર્ઘટના

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું, માર્ગ અને મકાન વિભાગ દ્વારા વડોદરા બ્રિજ દુર્ઘટનાની ઉચ્ચ સ્તરની તપાસ કરવામાં આવી છે. આ તપાસ સમિતિના પ્રાથમિક અહેવાલ મુજબ, થાંભલાના સાંધા તૂટી જવાના કારણે બ્રિજ તૂટી પડ્યો હોવાનું જણાયું છે. વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના મુજપુર ખાતે આજે ગંભીરા બ્રિજ દુર્ઘટનાસ્થળની મુલાકાત દરમિયાન શ્રી પટેલે આ વાત કહી.

પ્રવક્તા મંત્રીએ કહ્યું, માર્ગ અને મકાન વિભાગની આ સમિતિ દ્વારા 30 દિવસમાં વિસ્તૃત અહેવાલ અપાશે..

---------------------------------------------------------------------------------------

## ડીજીપી વિકાસ સહાય : ભુજ મુલાકાત

ગુજરાત રાજ્યના ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ વિકાસ સહાય આજે સરહદી રેન્જ પોલીસ મહાનિરીક્ષકની કચેરી ભુજ ખાતે કચ્છના અરજદારોની રજૂઆતો સાંભળી હતી. અરજદારો સાથે રૂબરૂ મુલાકાત કરી રાજ્યના પોલીસવડાએ તેમની રજૂઆતો ધ્યાને લઇ અને ઉકેલ લાવવા ખાત્રી આપી હતી.

અરજદારોની મુલાકાત પૂર્ણ થયા બાદ આજે સાંજે ડીજીપી વિકાસ સહાય પત્રકાર પરિષદને સંબોંધશે.

---------------------------------------------------------------------------------------

## રાજ્યમાં વરસાદ

રાજ્યમાં ચોમાસાની ઋતુમાં સાર્વત્રિક મેઘમહેરના પરિણામે હાલની સ્થિતિએ સરદાર સરોવર સહિત રાજ્યના ૨૦૭ જળાશયોમાં કુલ સંગ્રહ શક્તિના ૫૪ ટકા જળ સંગ્રહ થયો છે. ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં હાલમાં કુલ સંગ્રહ શક્તિના ૪૯.૪૨ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. કચ્છના ૨૦ જળાશયોમાં ૫૬.૦૭ ટકા જળ સંગ્રહ ઉપલબ્ધ છે. આમ સરદાર સરોવર સિવાય રાજ્યના ૨૦૬ જળાશયોમાં કુલ સંગ્રહ શક્તિના ૫૬.૭૬ ટકા પાણીનો જથ્થો સંગ્રહાયલો છે.

રાજ્યમાં હાલમાં ચોમાસાની ઋતુમાં સૌથી વધુ કચ્છમાં સરેરાશ ૫૭ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૫૨.૧૮ ટકા, સૌરાષ્ટ્રમાં ૪૭.૦૧ ટકા, પૂર્વ મધ્યમાં ૪૫.૯૦ ટકા જ્યારે ઉત્તર ગુજરાતમાં ૪૨.૦૮ ટકા સરેરાશ વરસાદ થયો છે. હવામાન વિભાગે આગામી 14 જુલાઈ સુધી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપી છે

---------------------------------------------------------------------------------------------------

## ખારેકના પાકને નુકસાન

ખારેકનું હબ ગણાતા ઝરપરા, ભુજપુરમાં વરસાદના કારણે બાગાયતી પાકને વ્યાપક નુકસાન થયું છે. જેઠ માસના અંતમાં જ વરસાદ શરૂ થઇ જતાં ખારેકનું ઉત્પાદન કરતા ખેડૂતોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે. સામાન્ય રીતે અષાઢ માસમાં ઝરપરા વિસ્તારમાં ખારેકનો પાક ઉતારવામાં આવે છે. ત્યારબાદ પેકિંગ કરવી અને બજાર સુધી પહોંચાડવાની પ્રક્રિયા શરૂ થાય છે, પણ આ વર્ષે વહેલી વર્ષાને પગલે વૃક્ષો પર જ ખારેક સડી ગઈ હોવાના તેમજ બગાડ નીચે પડી જવાથી ખારેકના પાકને મોટું નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું હતું.

---------------------------------------------------------------------------------------------------

## ચીફ ઓફિસરની બદલી : અંજાર-ભચાઉ

શહેરી વિકાસ મંત્રાલય ધ્વારા રાજયભરમાં 27 ચીફ ઓફિસરની બદલીના આદેશ કરાયા હતા.જેમાં અંજાર અને ભચાઉ સુધરાઈમાં નવા મુખ્ય અધિકારી મળ્યા હતા. રાજય સરકારના

નાયબ સચિવ મનીષ શાહે જારી કરેલી યાદી મુજબ અંજાર નગરપાલિકામાં મુખ્ય અધિકારી તરીકે ફરજ બજાવતા પારસ મકવાણાની વેરાવળ પાટણ ખાતે બદલી કરવામાં આવી હતી.તેમજ હળવદથી તુષાર ઝાલરીયાની અંજાર બદલી થઈ હતી. વધુમાં ભચાઉ સુધરાઈમાં ચીફઓફિસર તરીકે આંકલાવથી વિપુલ ઉમેદભાઈ પનારાની નિમણૂક કરવામાં આવી છે.

----------------------------------------------------------------------------------------

## રસ્તાઓનું મરંમત કામ

કચ્છમાં વરસાદના લીધે વિવિધ રસ્તાઓ પ્રભાવિત થયા હતા. જોકે, રાજ્ય સરકારની સૂચના અન્વયે માર્ગ અને મકાન વિભાગ રાજ્ય તેમજ પંચાયત દ્વારા યુદ્ધના ધોરણે વાહન વ્યવહાર પૂર્વવત થાય તે દિશામાં કામગીરી કરવામાં આવી રહી છે. માંડવી તાલુકામાં ગઢશીશા-નરેડી રોડ ઉપર કોટડા પાસેના બોક્સ કલ્વર્ટની બંને બાજુના એપ્રોચ રોડ પાણીના ભારે પ્રવાહના લીધે ધોવાઇ ગયા હતા. માર્ગ અને મકાન વિભાગની ટીમ દ્વારા તાત્કાલિક ધોરણે મેટલિંગની કામગીરી કરીને રોડને પૂર્વવત્ કરવામાં આવ્યો છે. હાલમાં આ રોડ પરથી વાહનવ્યવહાર શરૂ કરવામાં આવ્યો છે.

----------------------------------------------------------------------------------------

## માલધારીઓ વતન તરફ રવાના

સમગ્ર કચ્છ સાથે પચ્છમમાં વરસતા વરસાદને પગલે માલધારીઓ અને ખેડૂતોની આશા જીવંત થઇ હતી. ઘાસ-પાણીની તંગીને કારણે પચ્છમથી હિજરત કરી ગયેલા માલધારીઓ પરત વતન તરફ પ્રયાણ કર્યા હાવનું જાણવા મળ્યું છે. અંજારમાં ખેડોઇ, અબડાસા પંથક, ખડીર, પ્રાંથળ વિગેરે વિસ્તારોમાંથી માલધારીઓ પોતાનાં ધણ સાથે જોવા મળ્યા હતા. દશેક દિવસના વરસાદ બાદ સીમમાં પુષ્કરણ પ્રમાણમાં ઘાસ ઉગી નીકળ્યું છે. જેથી પશુઓને ઘાસચારો મળી રહેશે.

----------------------------------------------------------------------------------------

## રેશનનો જથ્થો

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ નોંધાયેલા પરિવારો રેશન જથ્થાથી વંચિત ન રહે અને જરૂરિયાતમંદ લાભાર્થીઓને મળતવાપાત્ર અનાજનો લાભ મળી રહે તે માટે તેમજ હાલની વરસાદની પરિસ્થિતિને ધ્યાને લઇ વાજબી ભાવની દુકાન ઉપરથી જે લાભાર્થી કાર્ડધારકોનું ઇ-કેવાયસી થયેલ હોય તેવા કાર્ડધારકોના બાયોમેટ્રીકથી અનાજનું વિતરણ થઇ શકે તે માટે જુલાઇ તથા ઓગસ્ટના વિતરણની તારીખ 31 જુલાઇ સુધી લંબાવી આપવામાં આવી છે જેથી બાકી રહી ગયેલા એનએફએસએ લાભાર્થીઓએ અનાજ મેળવી લેવા જિલ્લા પુરવઠા અધિકારી એ.એસ. હાશમી દ્વારા જણાવાવામાં આવ્યું છે.

-----------------------------------------------------------------------------------

## કચ્છમાં વરસાદ

કચ્છમાં મેઘરાજાએ વરસાદનો વિરામ લીધો છે. દિવસ દરમિયાન જિલ્લામાં વાદળછાયું વાતાવરણ રહ્યુ હતું જોકે મુન્દ્રા તાલુકાના કેટલાક વિસ્તારોમાં ઝાપટા સ્વરૂપે વરસાદ પડ્યાના અહેવાલ છે. જિલ્લામથક ભુજમાં પણ સાવ સામાન્ય ઝરમર ઝાપટું પડ્યું હતું જેનાથી માર્ગ ભીના થયા હતા.

-----------------------------------------------------------------------------------